www.kamalamgujarat.com

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

Tuesday

10.08.2021

*Volume :6 * Issue No. 03

Email.: kamalamgujarat@gmail.com

*Editor :Mahesh N. Patel:- (98249 10606)



કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

GUJGUJ/2016/73451

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :06*Rs. 00.25/- *Annual Rs. 90/-

# દેશની કૃષિ નીતિઓ અંતર્ગત નાના ખેડૂતોને સૌથી વધારે પ્રાથમિકતા આપવામાં આવી રહી છેઃ પ્રધાનમંત્રી

## પ્રધાનમંત્રીએ PM-KISANનો નવમો હપ્તો છૂટો કર્યો, રૂ. ૧૯,૫૦૦ કરોડ કરતાં વધારે રકમ ૯.૭૫ કરોડ કરતાં વધારે લાભાર્થી ખેડૂતોના ખાતામાં સીધી ટ્રાન્સફર કરવામાં આવી

કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ (PM-KISAN)નો આગામી નાણાં સહાયનો હપ્તો છૂટો કર્યો હતો. પ્રધાનમંત્રીએ આ કાર્યક્રમ દરમિયાન લાભાર્થી ખેડૂતો સાથે સંવાદ પણ કર્યો હતો. આનાથી ૯.૭૫ કરોડ કરતાં વધારે લાભાર્થી ખેડૂત પરિવારોના બેંક ખાતાઓમાં રૂ. ૧૯,૫૦૦ કરોડ કરતાં વધારે રકમ ટ્રાન્સફર થઈ શકી છે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ (PM-KISAN) અંતર્ગત ખેડૂતોને નાણાકીય લાભનો આ નવમો હપ્તો રીલિઝ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિતોને સંબોધિત કરતા પ્રધાનમંત્રીએ વાવણીની મોસમ અંગે વાત કરી હતી અને આશા વ્યક્ત કરી હતી કે, આજે ખેડૂતોને પ્રાપ્ત થયેલા નાણાંથી તેમને વાવણીમાં મદદ મળી રહેશે. તેમણે એવો પણ ઉલ્લેખ કર્યો હતો કે, રૂ. ૧ લાખ કરોડ રૂપિયાની સિલક સાથે શરૂ કરવામાં આવેલા કિસાન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડનું પણ આજે એક વર્ષ પૂર્ણ થયું છે. પ્રધાનમંત્રીએ મધમાખી ઉછેર અને જમ્મુ અને કાશ્મીરમાં કેસરની ખેતીથી લઈને NAFED દુકાનો સુધીના વિવિધ મુદ્દાઓને તેમની ચર્ચા દરમિયાન સ્પર્શ્યા હતા. હની મિશનના કારણે ૭૦૦ હજાર કરોડની મધની નિકાસ થઈ છે અને તેના પરિણામે ખેડૂતોને વધારાની આવક ઉભી થઈ છે. ટૂંક સમયમાં આવી રહેલા ૭૫મા સ્વતંત્રતા દિવસનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું હતું કે, આ દિવસ એક ગૌરવપૂર્ણ પ્રસંગ હોવાની સાથે સાથે નવા સંકલ્પો નક્કી કરવાની તક પણ છે. તેમણે કહ્યું હતું કે, આગામી ૨૫ વર્ષમાં આપણે ભારતને ક્યાં જોવા માંગીએ છીએ તે નક્કી કરવા માટે આ તક આપણે ઝડપી લેવાની છે. પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી હતી કે, ૨૦૪૭માં જ્યારે ભારત તેની સ્વતંત્રતાના ૧૦૦ વર્ષ પૂરાં થવાની ઉજવણી કરી રહ્યું હશે ત્યારે દેશની સ્થિતિ નક્કી કરવામાં ખેતી અને ખેડૂતોની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે. નવા પડકારોનો સામનો કરવા માટે અને નવી તકોનો લાભ ઉઠાવવા માટે ભારતની ખેતીને નવી દિશા આપવાનો આ ઉચિત સમય છે. તેમણે સમયની સાથે બદલાતી માંગને ધ્યાનમાં રાખીને તદાનુસર ભારતીય ખેતીવાડીમાં પરિવર્તનો લાવવાનું આહ્વાન કર્યું હતું. તેમણે મહામારીના સમય દરમિયાન વિક્રમી પ્રમાણમાં થયેલા કૃષિ ઉત્પાદન બદલ ખેડૂતોએ કરેલા પ્રયાસોની પ્રશંસા કરી હતી અને મુશ્કેલીના સમય દરમિયાન ખેડૂતોની મુશ્કેલીઓ ઓછી કરવા માટે સરકારે હાથ ધરેલી વિવિધ પહેલોને રેખાંકિત કરી હતી. સરકારે વિના અવરોધે બિયારણ, ખાતરોના પુરવઠા અને બજાર સુધીની પહોંચને સુનિશ્ચિત કરવાનું કામ કર્યું છે. સંપૂર્ણ સમય દરમિયાન યુરિયા ઉપલબ્ધ હતું અને જ્યારે DAPના ભાવો આંતરરાષ્ટ્રીય બજારોમાં અનેક ગણા વધી ગયા હતા ત્યારે, સરકારે તાત્કાલિક રૂપિયા ૧૨૦૦૦ કરોડની વ્યવસ્થા કરી હતી જેથી ખેડૂતો પર કોઈપણ પ્રકારનું ભારણ આવે નહીં. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, સરકારે રવી મોસમ હોય કે ખરીફ પાકની મોસમ હોય, તેમાં અત્યાર સુધીમાં સૌથી વધારે પ્રમાણમાં લઘુતમ ટેકાના ભાવે ખેડૂતો પાસેથી ખરીદી કરી છે. આના કારણે, ડાંગરના ખેડૂતોના બેંક ખાતાઓમાં સીધા જ અંદાજે રૂ. ૧,૭૦,૦૦૦ કરોડ અને ઘઉંના ખેડૂતોના બેંક ખાતાઓમાં સીધા જ અંદાજે રૂપિયા ૮૫,૦૦૦ કરોડ પહોંચ્યા છે. પ્રધાનમંત્રીએ જુના સ્મરણને યાદ કરતા કહ્યું હતું કે, દેશમાં જ્યારે કઠોળના જથ્થાની અછત વર્તાઈ રહી હતી ત્યારે તેમણે ખેડૂતોને કઠોળનું ઉત્પાદન વધારવા માટે અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, આના પરિણામે દેશમાં છેલ્લા ૬ વર્ષમાં કઠોળના ઉત્પાદનમાં લગભગ ૫૦ ટકાનો વધારો થયો છે. પ્રધાનમંત્રીએ રાષ્ટ્રીય ખાદ્યતેલ મિશન – ઓઈલ પામ એટલે કે NMEO-OP પર પ્રકાશ પાડીને તેને ખાદ્યતેલમાં દેશને આત્મનિર્ભર બનાવનાર મિશન ગણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે, આજે, જ્યારે દેશ આજના ઐતિહાસિક દિવસે ભારત છોડો ચળવળને યાદ કરી રહ્યો છે ત્યારે આ સંકલ્પ આપણામાં નવી ઉર્જા ભરી દે છે. તેમણે કહ્યું હતું કે, રાષ્ટ્રીય ખાદ્યતેલ મિશન- ઓઈલ પામ મિશન દ્વારા દેશમાં ખાદ્યતેલમાં ઈકોસિસ્ટમમાં રૂપિયા ૧૧,૦૦૦ કરોડ કરતાં વધારે રકમનું રોકાણ કરવામાં આવશે. સરકાર સુનિશ્ચિત કરશે કે, ખેડૂતોને ગુણવત્તાપૂર્ણ બિયારણથી લઈને ટેકનોલોજી સહિત તમામ પ્રકારે દરેક સુવિધાઓ પ્રાપ્ત થાય. પ્રધાનમંત્રીએ ટાંક્યું હતું કે, આજે પ્રથમ વખત, ભારત કૃષિ નિકાસના સંદર્ભમાં દુનિયાભરમાં સૌથી ટોચના ૧૦ દેશોમાં સ્થાન પ્રાપ્ત કરી શક્યું છે. દેશે કોરોના સમય દરમિયાન કૃષિ નિકાસના ક્ષેત્રમાં નવા વિક્રમો સ્થાપિત કર્યા છે. આજે, ભારતને જ્યારે એક મોટા કૃષિ નિકાસકર્તા દેશ તરીકે સ્વીકારવામાં આવે છે ત્યારે, આપણી ખાદ્યતેલની જરૂરિયાતો માટે આપણે અન્ય દેશો પર નિર્ભર રહીએ તે યોગ્ય નથી. પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી હતી કે, હવે દેશની કૃષિ નીતિ અંતર્ગત નાના ખેડૂતોને સૌથી વધારે પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. આ ભાવના સાથે, છેલ્લા કેટલાક વર્ષોમાં, આ નાના ખેડૂતોને સગવડ અને સુરક્ષા પૂરી પાડવાના ઉદ્દેશથીકેટલાકપ્રયાસોગંભીરતાપૂર્વક લેવામાં આવ્યા છે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ અંતર્ગત આજદિન સુધીમાં ખેડૂતોને રૂપિયા ૧લાખ ૬૦ કરોડ આપવામાં આવ્યાછે. આમાંથી રૂપિયા ૧ લાખ કરોડમહામારીનાસમય દરમિયાન નાના ખેડૂતોને આપવામાં આવ્યા છે. કોરોનાની બીમારીના સમય દરમિયાન ૨ કરોડ કરતાં વધારે કિસાન ક્રેડિટ કાર્ડ ઈશ્યુ કરવામાં આવ્યા હતા જેમાંથી મોટાભાગના કાર્ડ ધારકો નાના ખેડૂતો હતા. આવા ખેડૂતોને દેશમાં આવી રહેલી કૃષિ માળખાકીય સુવિધાઓ અને કનેક્ટિવિટીની માળખાકીય સુવિધાઓથી લાભ મળશે. ફૂડ પાર્ક્સ,કિસાનરેલ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ જેવી પહેલોથી નાના ખેડૂતોને મદદ મળી રહેશે. વિતેલા એક વર્ષમાં, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ અંતર્ગત ૬હજારકરતાંવધારેપરિયોજનાઓને મંજૂરી આપવામાં આવી છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, આ પગલાંઓથી નાના ખેડૂતોની બજાર સુધીની પહોંચમાં વધારો થશે અને FPO દ્વારા તેમની ભાવતાલની શક્તિમાં પણ વધારો થશે.



પ્રથમ વખત, ભારત કૃષિ નિકાસના સંદર્ભમાં સમગ્ર દુનિયામાં ટોચના ૧૦ દેશોમાં સ્થાન મેળવી શક્યું છે

# બીઆરઓએ આઝાદીના ૭૫ વર્ષ નિમિત્તે ઉજવણીની શરૂઆત કરી




કમલમ દૈનિક,

ઉત્તરાખંડ અને સિક્કિમમાં વીરતા પુરસ્કાર વિજેતાઓ અને યુદ્ધ નાયકોનું સન્માન કરવામાં આવ્યું ઉજવણીના ભાગરૂપે દેશભરમાં મેડિકલ કેમ્પ, પ્લાન્ટેશન ડ્રાઈવ્સ અને શાળા સંવાદનું આયોજન કરવામાં આવી રહ્યું છે સ્વતંત્રતા દિવસે ભારતના ૭૫ સર્વોચ્ચ જગ્યાઓ પર રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવશે સીમા સડક સંગઠન (બીઆરઓ) એ ભારતની આઝાદીના ૭૫ વર્ષ નિમિત્તે 'આઝાદી કા અમૃત મહોત્સવ'ની ઉજવણીની શરૂઆત કરી. આ મહત્ત્વપૂર્ણ પ્રસંગ નિમિત્તે બીઆરઓ દેશભરમાં કલ્યાણ અને દેશભક્તિની પ્રવૃત્તિઓ/કાર્યક્રમોનું આયોજન કરી રહ્યું છે જેમાં ૭૫ મેડિકલ કેમ્પ, ૭૫ સ્થળોએ વૃક્ષારોપણ અને ૭૫ શાળા સંવાદોનો સમાવેશ થાય છે જેથી બાળકોને ક્રિયાપ્રતિક્રિયાઓ અને પ્રવચનો દ્વારા પ્રેરિત કરી શકાય. મુખ્ય કાર્યક્રમ ભારતના ૭૫ સર્વોચ્ચ જગ્યાઓ પર સ્વતંત્રતા દિવસ પર રાષ્ટ્રધ્વજ ફરકાવવાનો રહેશે. ૦૭ ઓગસ્ટ, ૨૦૨૧ના રોજ બીઆરઓએ ઉત્તરાખંડના પીપલકોટી અને પિથોરાગઢ અને સિક્કિમમાં ચાંદમારી ખાતે વીરતા પુરસ્કાર વિજેતાઓ અને યુદ્ધ નાયકોને સન્માનિત કર્યા. પિથોરાગઢ ખાતે બીઆરઓના પ્રોજેક્ટ હિરક દ્વારા આયોજિત સમારોહમાં શૌર્ય ચક્ર પુરસ્કાર વિજેતાઓના પરિવારજનો - ઈઈએમ પ્રેમ સિંહ, નાયક ચંદ્ર સિંહ, ડ્રાઈવર રામ સિંહ અને ડીએમઈ દમાર બહાદુરને સન્માનના ટોકન એનાયત કરવામાં આવ્યા હતા. પીપલકોટી ખાતે એક અલગ સમારોહમાં બીઆરઓના પ્રોજેક્ટ શિવાલિકે મેજર પ્રીતમ સિંહ કુંવરના પરિવારજનોને કીર્તિ ચક્ર, લાન્સ નાયક રઘુબીર સિંહના પરિવારજનોને શૌર્ય ચક્ર (મરણોત્તર) અને નાયબ સુબેદાર સુરેન્દ્ર સિંહના સગાને શૌર્ય ચક્રથી સન્માનિત કર્યા. સિક્કિમના ચાંદમારી ખાતે બીઆરઓના પ્રોજેક્ટ સ્વસ્તિક દ્વારા આયોજિત સન્માન સમારોહમાં સિક્કિમ સરકારના વન અને પર્યાવરણ મંત્રી શ્રી કર્મ લોદય ભૂટિયા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સિક્કિમના ત્રણ શૌર્ય ચક્ર પુરસ્કાર વિજેતાઓ - સુબેદાર માનદ કેપ્ટન કિશોર રાય, નાયક ધન બહાદુર છેત્રી અને પેરા જવાનો સોનમ શેરીંગ તમાંગને સન્માનિત કાર્ય. ઓનલાઈન વીરતા પુરસ્કાર પોર્ટલ પર પોતાની નોંધણી કરનારા રાજ્યના સ્થાનિકોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. તમામ કાર્યક્રમોમાં રાજ્યની મુખ્ય હસ્તીઓ હાજર રહી હતી અને તેમાં પ્રેરક વાતો અને યુદ્ધના વીરોની બહાદુરીની વાર્તાઓનો સમાવેશ થતો હતો.

# સોમનાથ દાદાના દર્શન મહાપુજા કરતા નાયબ મુખ્યમંત્રીશ્રી નિતિનભાઈ પટેલ





### સારા વરસાદ અને કોરોનાની ત્રીજી લહેર ન આવે સૌના કલ્યાણની નાયબ મુખ્યમંત્રીશ્રીએ કરી પ્રાર્થના

કમલમ દૈનિક, સોમનાથ

નાયબ મુખ્યમંત્રીશ્રી નિતિનભાઈ પટેલે શ્રાવણમાસના પ્રથમ સોમવારે કોરોનાની ત્રીજી લહેર ન આવે તેમજ સારા વરસાદની, સૌના કલ્યાણની ભગવાન ભોળાનાથને પ્રાર્થના કરી હતી. નાયબ મુખ્યમંત્રીશ્રી નિતિનભાઈ પટેલે આજે પરિવાર સાથે પ્રથમ જ્યોતિર્લીંગ સોમનાથ મહાદેવના દર્શન મહાપુજા કરી ધન્યતા અનુભવી હતી. તેમજ સોમનાથ મહાદેવનું પાલખી પુજન કરેલ હતુ. ઉપરાંત સોમનાથ ટ્રસ્ટ ગૌશાળામાં ઉત્પાદીત દેશી ગાયનું શુધ્ધ વૈદીક પધ્ધતિથી બનાવેલ ઘી ના વેંચાણનો પ્રારંભ કરાવ્યો હતો. નાયબ મુખ્યમંત્રીશ્રીના સોમનાથ દર્શન પુજામાં ભાજપ પ્રમુખશ્રી માનસિંગભાઈ પરમાર, ભાજપ મંત્રશ્રી ડો.વઘાસીયા, સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી પી.કે.લહેરી, જિલ્લા કલેકટરશ્રી રાજદેવસિંહ ગોહીલ, ટ્રસ્ટના મેનેજરશ્રી વિજયસિંહ ચાવડા સહભાગી થયા હતા.





### શ્રાવણમાસના પ્રથમ સોમવારે સોમનાથ મહાદેવને શીશ ઝુકવતા નાયબ મુખ્યમંત્રીશ્રી

# એલ એન્ડ ટી હાઈડ્રોકાર્બન એન્જિનિયરિંગ દ્વારા ડ્રેનેજ મેનહોલની સફાઈ અને જાળવણીને માટે રોબોટિક ટેક્નોલોજીથી સ્વયંસંચાલિત મેનહોલ ક્લીનિંગ રોબોટ લોન્ચ કરવામાં આવ્યો





કમલમ દૈનિક,

એલ એન્ડ ટી હાઈડ્રોકાર્બન એન્જિનિયરિંગ એ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનને ડ્રેનેજ મેનહોલની સફાઈ અને જાળવણીને માટે રોબોટિક ટેકનોલોજી થી સ્વયંસંચાલિત મેનહોલ ક્લીનિંગ રોબોટ તાઃ૮/૮/૨૦૨૧ ના રોજ શેહરી જન સુખકારી દિવસ નિમિતે સમર્પિત કરેલ છે. આ મેનહોલ ક્લીનિંગ રોબોટ વડોદરાના માનનીય મેયર શ્રી. કેયુર રોકડિયા દ્વારા લોન્ચ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સાંસદ સભ્ય શ્રીમતી રંજન ભટ્ટ, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર શ્રીમતી.

શાલિની અગ્રવાલ IAS તથા એલ એન્ડ ટી હાઈડ્રોકાર્બન એન્જિનિયરિંગ ના CSR, HSE & Sustainibility Head શ્રી સુધીર પીવી નામ્બિયારની ઉપસ્થિતિમાં લોન્ચ કરવામાં આવ્યો હતો. આ બન્ડિકૂટ નામે રોબોટ ટેકનોલોજી ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા સ્વચ્છતા માટે આશાસ્પદ નવીન ઉકેલ તરીકે અમૃત ટેક ચેલેન્જ એવોર્ડ વિજેતા છે.

ગુજરાત સરકાર અને વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગ દ્વારા મેનહોલ સફાઈની તમામ પ્રવૃત્તિઓનું યાંત્રિકરણ કરીને મેનહોલના અકસ્માતો ન થાય તે માટે આ એલ એન્ડ ટી હાઈડ્રોકાર્બન એન્જિનિયરિંગના CSR અંતર્ગત આ એક મોટી પહેલ છે. આ બન્ડિકૂટ નામે રોબોટનું યુઝર ઈન્ટરફેસ મેન્યુઅલ સફાઈ કામદારો માટે બનાવવામાં આવ્યું છે જે ખૂબ જ સરળ અને વપરાશકર્તા તેમજ મૈત્રીપૂર્ણ છે, જે હાલના મેન્યુઅલ સફાઈના કામદારોને મદદ કરશે, તેમજ વૈકલ્પિક રોજગાર સુનિશ્ચિત કરશે. આ પ્રોજેક્ટ સફાઈ કામદારોની કામગીરી તથા સુરક્ષાને ધ્યાને લઈ સકારાત્મક પ્રભાવ લાવે તે હેતુથી અમલમાં મૂકવામાં આવ્યો છે.



રિપોર્ટ-રાકેશ ક્ષત્રિય-અમદાવાદ

કમલમ દૈનિક,

ભારતીય જનતા પાર્ટી વલસાડ જિલ્લાના પ્રમુખશ્રી હેમંત ભાઈ કંસારા તેમજ ધારાસભ્યશ્રી ભરતભાઈ પટેલની ઉપસ્થિતિમાં વલસાડ તાલુકા અનુસૂચિત જાતી મોરચા દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો આ પ્રસંગે જિલ્લા મહામંત્રીશ્રી કમલેશભાઈ પટેલ તાલુકા પ્રમુખ શ્રી કિશોરભાઈ પટેલ, જિલ્લા ઉપપ્રમુખ શ્રી ઓ શ્રી જીતેશભાઈ પટેલ શ્રીમતી જીગીત્સાબેન પટેલ, જીલ્લા મંત્રી શ્રી કૈલાશ ભાઈ પાટીલ જિલ્લા કોષાધ્યક્ષ શ્રી રાજેશ ભાનુશાલી, જીલ્લા પંચાયત સામાજીક ન્યાય સમિતિ ના ચેરમેન શ્રી ધવલભાઈ પટેલ, જિલ્લા સોશિયલ મીડીયા ઈન્ચાર્જ શ્રી હિતેશભાઈ સુરતી, જિલ્લાનું અનુસુચિત જાતિ મોરચાના મહામંત્રી શ્રી હેમંતભાઈ પટેલ શ્રી યોગેશભાઈ ભાલે, અનુસૂચિત જાતિ મોરચાના ઉપપ્રમુખ શ્રી પ્રવિણભાઈ રાઠોડ, કેયુરભાઈ પટેલ, જિલ્લાના અનુસુચિત જાતિ મોરચાના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા આ બેઠકનું સંચાલન તાલુકાના અનુસુચિત જાતિ મોરચાના પ્રમુખ ડો.પ્રમોદભાઈ સુરતી કર્યું હતું

## તંત્રી સ્થાનેથી......

ગીર-સોમનાથ જિલ્લામાં રાજ્ય સરકારના પાંચ વર્ષ પુર્ણ થવાના અવસરે સોમનાથ રામમંદીર ઓડીટોરીયમમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી રામીબેન વાજાની ઉપસ્થિતિમાં જન સુખાકારી દિન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે જિલ્લામાં ૩૦૯ લાખના ખર્ચે વેરાવળ, સુત્રાપાડા, તાલાળા નગરપાલિકાના ઇ-ખાતમુહૂત અને વેરાવળ, ઉના, સુત્રાપાડા અને તાલાળા નગરપાલિકાના રૂા. ૨૭૩ લાખના ખર્ચે થયેલ કામોનું ઇ-લોકાર્પણ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી રામીબેન વાજાના હસ્તે કરવામાં આવ્યું હતું. તેમજ મહાનુભાવોના હસ્તે વિકાસના કામો કરવા વેરાવળ-પાટણ નગરપાલિકાને રૂા. ૨.૫૦.૦૦ કરોડ ઉના નગરપાલિકાને ૧.૫૦૦૦ કરોડ, કોડીનાર નગરપાલિકાને રૂા. ૧.૧૨૫૦ કરોડ, સુત્રાપાડા નગરપાલિકાને રૂા. ૧.૧૨૫૦ કરોડ અને તાલાળા નગરપાલિકાને ૦.૫૦૦૦ કરોડના ચેક આપવામાં આવ્યા હતા. ઉપરાંત મહાનુભાવોએ માન.મુખ્યમંત્રીશ્રીનો કાર્યક્રમ વર્ચ્યુઅલ માધ્યમથી નિહાળ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી રામીબેન વાજાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના સબળ નેતૃત્વમાં લોકપ્રશ્નોનું નિરાકરણ થયું છે. રાજ્ય સરકારની પ્રજાલક્ષી યોજનાઓના અમલીકરણમા ઝડપ આવી છે. વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકાના પ્રમુખ શ્રી પિયુષભાઇ ફોફંડીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળની ગુજરાત સરકારે રાજ્યના વિકાસ અને જનહિત માટે પ્રશાંસકીય વ્યવસ્થાને અને સમગ્ર તંત્રને રાજકીય ઈચ્છાશક્તિથી જનહિતના કાર્યો માટે પ્રેરીત કરવા સંવેદનશીલત, પ્રગતિશીલતા, પારદર્શિતા અને નિર્ણાયકતાના મુલ્યો આધારિત ચાર સ્તંભ ઉપર ગુજરાતની વિકાસયાત્રા વેગવાન બનાવી છે. કાર્યક્રમના પ્રારંભે શાબ્દીક સ્વાગત વેરાવળ-પાટણ નગરપાલિકાના ચીફ ઓફીસરશ્રી જતીન મહેતાએ કરી હતી. કાર્યક્રમના અંતમાં આભારવિધિ ઉના નગરપાલિકાના ચીફ ઓફીસરશ્રી જયદેવ ચૌહાણે અને કાર્યક્રમનું સંચાલન આચાર્યશ્રી દીપકભાઇ નિમાવતે કર્યું હતું. આ તકે પુર્વ બીજ નિગમના ચેરમેનશ્રી રાજશીભાઇ જોટવા, જિલ્લા ભાજપ પ્રમુખશ્રી માનસિંગભાઇ પરમાર, તાલુકા ભાજપ પ્રમુખશ્રી હરદાસભાઇ સોલંકી, શહેર તાલુકા પ્રમુખશ્રી દેવાભાઇ ધારેચા, સુત્રાપાડા નગરપાલિકા પ્રમુખશ્રી દીલીપભાઇ બારડ, જિલ્લા કલેકટરશ્રી રાજેદેવસિંહ ગોહીલ, ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી એસ.જે.ખાચર સહિત ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના "મિશન મિલિયન અભિયાન" અંતર્ગત મિયાવાકી પદ્ધતિથી એક જ સ્થળે ૬૫ હજાર વૃક્ષારોપણ કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિ










કમલમ દૈનિક,
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને આરંભેલા "મિશન મિલીયન ટ્રી" અભિયાનની પ્રશંસા કરતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે,સમયની માંગ આધારિત ટકાઉ વિકાસ માટે વૃક્ષારોપણ અતિ આવશ્યક છે.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વૃક્ષારોપણની સુપેરે કામગીરી કરીને પ્રકૃતિના જતનનો સકારાત્મક સંદેશો આપવામાં આવી રહ્યો છે. મુખ્ય મંત્રીશ્રીએ એમ પણ કહ્યું કે, સરકાર દ્વારા પણ રાજ્યભરમાં ૧૦ કરોડ જેટલા વૃક્ષોના વાવેતરના અભિયાનનો આરંભ કરવામાં આવનાર છે.

પાંચ વર્ષના સુશાસનના પાંચ વર્ષ સૌના સાથ, સૌનો વિકાસ સંદર્ભે આરંભેલા નવ દિવસના સેવાયજ્ઞના ઉપલક્ષમાં વિવિધ કાર્યક્રમો સંદર્ભે અમદાવાદ શહેરમાં આજે "શહેરી જન સુખાકારી દિવસ"ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના પગલે અમદાવાદ શહેરના ગોતા વિસ્તાર સ્થિત સ્મૃતિવનમાં મિયાવાકી પદ્ધતિથી એક સાથે ૬૫,૦૦૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવનાર છે. આ સ્મૃતિ વનમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પણ આજે વૃક્ષારોપણ કરીને પ્રકૃતિના જતનની નેમ વ્યક્ત કરી હતી. તેમણે વિશેષમાં કહ્યું કે, રાજ્ય સરકાર ગ્રીન ગુજરાત અને ક્લીન ગુજરાતના લક્ષ્ય ભણી ટકાઉ વિકાસ તરફ આગળ વધી રહી છે. આવનારી પેઢીને વારસામાં કઇ આપવા માટે ટકાઉ વિકાસ ખૂબ જ જરૂરી છે. છે માટે પર્યાવરણની જાળવણી અને મહત્તમ વૃક્ષારોપણ, વૃક્ષોનું જતન,વૃક્ષોનો ઉછેર જેવી રાજયવ્યાપી વિવિધ કામગીરી સરકારે હાથ ધરી છે. રાજ્ય સરકાર દ્વારા સ્વચ્છ પાણી સ્વચ્છ પર્યાવરણ અને પ્રદુષણ મુક્ત શહેર બને તે પ્રકારનું સુદ્રઢ આયોજન અને વ્યવસ્થાપન હાથ ધરાયું હોવાનું મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું. અમદાવાદ શહેરના ગોતા સ્થિત વૃક્ષારોપણ કાર્યક્રમમાં ગૃહરાજ્ય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા, અમદાવાદ શહેરના મેયર શ્રી કિરીટભાઈ પરમાર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી હિતેશ બારોટ, ધારાસભ્ય શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, પક્ષના નેતા શ્રી ભાસ્કરભાઈ ભટ્ટ સહિત અધિકારી-પદાધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

# પાલનપુર ખાતે ઉર્જા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલના અધ્યક્ષસ્થાને શહેરી જનસુખાકારી દિવસ નિમિત્તે જિલ્લાકક્ષાનો કાર્યક્રમ યોજાયો

### કિસાન સૂર્યોદય યોજના હેઠળ વર્ષ-૨૦૨૨ સુધીમાં ગુજરાતના તમામ ખેડુતોને દિવસે વીજળી મળશે-ઉર્જા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ



રીપોર્ટ -આનંદ ઠકકર- ડીસા

કમલમ દૈનિક,
મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વની રાજ્ય સરકારના પાંચ વર્ષ પૂર્ણ થવાના અવસરે ‘‘પાંચ વર્ષ આપણી સરકારના, સૌના સાથથી, સૌના વિકાસનાહ્લહ્લ હેઠળ છેલ્લા ૮ દિવસથી રાજયમાં વિકાસનો સેવાયજ્ઞ શરૂ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત આજે તા. ૮ મી ઓગષ્ટિના રોજ પાલનપુર ખાતે નગરપાલિકા ઓડીટોરીયમ હોલમાં ઉર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલના અધ્યક્ષસ્થાને શહેરી જનસુખાકારી દિવસ નિમિત્તે જિલ્લાકક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મંત્રીશ્રીના હસ્તે બનાસકાંઠા જિલ્લાની ૬ નગરપાલિકાઓ પાલનપુર, ડીસા, થરાદ, ધાનેરા, ભાભર અને થરા નગરપાલિકાઓને જનસુખાકારી માટે ફાળવાયેલ રૂ. ૧૭.૦૦ કરોડના વિકાસ કામોની ૫૦ ટકા રકમ એટલે રૂ. ૮.૫૦ કરોડના ચેક નગરપાલિકાના પ્રમુખશ્રીઓ અને અધિકારીઓને અર્પણ કરવામાં આવ્યા હતાં. આ ઉપરાંત મંત્રીશ્રીના હસ્તે પાલનપુરમાં રામજીનગર નવલપાર્કથી લીલીયા તળાવ સુધી વરસાદી પાણીના નિકાલનું કામ રૂ. ૧.૫૨ કરોડ, થરામાં ભક્તિનગર વિસ્તારમાં બોરવેલનું કામ રૂ.૧૬ લાખ અને ઠાકોર બોર્ડીગ રોડ ઉપર પાઇપ કલવર્ટનું રૂ. ૨૩ લાખના કામનું ઇ-ખાતમૂહૅત તથા થરાદ નગરપાલિકા વિસ્તારમાં રૂ. ૧૧.૧૭ કરોડનું એસ.વાય.પી. કામનું ઇ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે જણાવ્યું કે, છેલ્લા બે દાયકાની આપણી સરકાર લોકોનો વિશ્વાસ જીતી વિકાસના અનેક કામો કરી રહી છે. તેમણે કહ્યું કે, આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના રાહ પર ચાલી આપણા રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વવાળી ટીમ ગુજરાત રાજ્યને આગળ લઇ જવા અથાક મહેનત કરી રહી છે જેનાથી ગુજરાત વિકાસની નવી ઉંચાઇઓ આંબશે. તેમણે સરકારની ઉપલબ્ધિઓ વર્ણવતા જણાવ્યું કે, લોકોની આવક અને સુખાકારીમાં વધારો થાય તેવા અનેક નિર્ણયો આ સરકારે લીધા છે. જેના લીધે છેલ્લા દોઢ-બે દાયકામાં ગુજરાતની કાયાપલટ થઇ છે. તેમણે કહ્યું કે, ખેડુતોની આવક બમણી કરવા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ જે નિર્ણયો લીધા છે જેનાથી ખેડુતોની આવક વધી રહી છે. નર્મદા યોજનાના નીર ખેડુતોના ખેતરો સુધી પહોંચાડવાનું કામ આ સરકારે કર્યુ છે. ખેડુતો આજે વર્ષમાં ત્રણ ત્રણ પાક લેતા થયા છે એ આ સરકારની નીતિઓને આભારી છે એમ કહી મંત્રીશ્રીએ ભૂતકાળની સરકારો પર પ્રહાર કરતાં કહ્યું કે, કોંગ્રેસે નર્મદા ડેમની ઉંચાઇ વધારવાની મંજુરી નહીં આપીને બહુ મોટું પાપ કર્યુ છે. જયારે આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ વડાપ્રધાન બન્યાના માત્ર ૧૭ દિવસમાં ડેમની ઉંચાઇ વધારવા તથા દરવાજા નાખવાની મંજુરી આપી ગુજરાતની સમૃધ્ધિના દ્વાર ખોલી આપ્યામ છે. આ ઉપરાંત ઉત્તર ગુજરાત માટે સુજલામ-સુફલામ યોજના અને સૌરાષ્ટ્રા માટે સૌની યોજનાથી ખેડુતોની સમૃધ્ધિ વધે તેવા અનેક નિર્ણયો લીધા છે. મંત્રીશ્રીએ જણાવ્યું કે, કિસાન સન્માન નિધિમાં દર વર્ષે રૂ. ૬૦૦૦ ખેડુતના ખાતામાં જમા કરાવવામાં આવે છે. તેમણે કહ્યું કે, ખેડુતોને રાત્રે ઉજાગરા કરવા ન પડે તે માટે કિસાન સૂર્યોદય યોજના અમલી બનાવી છે. આ યોજના હેઠળ વર્ષ-૨૦૨૨ સુધી રાજ્યના તમામ ખેડુતોને દિવસે વીજળી મળશે. તેમણે બનાસકાંઠા જિલ્લાની ખેતીની પ્રગતિની સરાહના કરતાં કહ્યું કે, રાજ્યમાં સૌથી વધારે બનાસકાંઠા જિલ્લામાં ખેતી ક્ષેત્રમાં વીજળીનો વપરાશ થાય છે. જેની જરૂરીયાતને પુરી કરવા છેલ્લા ૫ વર્ષમાં રાજ્યમાં કુલ- ૫૦૮ નવા સબ સ્ટેશનો શરૂ કરવામાં આવ્યા છે જેમાંથી બનાસકાંઠા જિલ્લામાં ૨૮ નવા સબ સ્ટેશનો શરૂ કરાયા છે અને આવતા વર્ષે બીજા ૨૧ નવા સબ સ્ટેશનો શરૂ કરાશે તેમ તેમણે જણાવ્યું હતું. તેમણે ઉમેર્યુ કે ખેડુતોને સિંચાઇ માટે છેલ્લા પાંચ વર્ષમાં સાડા પાંચ લાખ વીજ કનેક્શનો આપવામાં આવ્યા છે. આમ આ સરકાર ખેડુતોની આવક વધારવા કટીબધ્ધ છે. મંત્રીશ્રીએ કહ્યું કે, ઘર આંગણે ડાંક્ટરો બને તે માટે છેલ્લા પાંચ વર્ષમાં ૨,૦૦૦ જેટલી મેડીકલ સીટો વધારવામાં આવી છે. હોસ્પીટલ શરૂ કરનાર ડાંક્ટરોને સરકાર સહાય આપે છે. કોરોનાના કપરા સમયમાં કોરોના વોરીયર્સના સાથ અને સહકારથી લોકોના જીવ બચાવવા સરકારે આયોજનબધ્ધ રીતે કામગીરી કરી છે. આજે ગામડાઓ સુધી શહેરો જેવી સુવિધાઓ અને રસ્તાઓનું નિર્માણ થયું છે. નલ સે જલ યોજનામાં લોકોને શુધ્ધ પીવાનું પાણી પોતાના ઘરના રસોડામાં મળે છે. તેમણે કહ્યું કે, છેલ્લા ૨૦ વર્ષમાં આપણા ગુજરાતે અદભૂત પ્રગતિ કરી છે જેની દેશ અને દુનિયામાં ચર્ચા થાય છે. કચ્છમાં દુનિયાનો સૌથી મોટો ૩૦ હજાર મેગાવોટનો સોલાર પાર્ક સ્થપાઇ રહ્યો છે. તેમણે કહ્યું કે, ઔધોગિક મૂડીરોકાણ માટે એસ.આઇ.આર.ની સ્થાપનાથી લઇને મહિલાઓના વિકાસ માટે મહિલા ઉત્કર્ષ યોજના, આપણો વિધાર્થી દુનિયાની હરીફાઇમાં ઉભો રહી શકે તે માટે વિધાર્થીઓને નમો ટેબલેટ અપાય છે. ગરીબોને પાંચ કિ. લો. અનાજ આપવાની યોજનાથી લઇ છેવાડાના માનવીને સારામાં સારી આવક થાય તેમની સુખાકારીમાં વધારો થાય તે માટે આ સરકાર સતત કામ કરે છે તેમ તેમણે જણાવ્યું હતું. આ પ્રસંગે રાજયસભાના સાંસદશ્રી દિનેશભાઇ અનાવડીયાએ પ્રાસંગીક પ્રવચનમાં રાજય સરકારની સિધ્ધિઓ અને છેલ્લા પાંચ વર્ષમાં થયેલા વિકાસકામો વિશે માહિતી આપી હતી. કાર્યક્રમના પ્રારંભમાં પાલનપુર નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી હેતલબેન રાવલે સ્વાગત પ્રવચન કર્યુ હતું. આ પ્રસંગે સાંસદશ્રી પરબતભાઇ પટેલ, ધારાસભ્યશ્રી શશીકાંતભાઇ પંડ્યા અને શ્રી કિર્તીસિંહ વાઘેલા, કલેકટરશ્રી આનંદ પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી સ્વપ્રી લ ખરે, પૂર્વ કેન્દ્રીય મંત્રીશ્રી હરીભાઇ ચૌધરી, પૂર્વ મંત્રીશ્રી કાંતિભાઇ કચોરીયા, અગ્રણીઓ સર્વશ્રી ગુમાનસિંહ ચૌહાણ, શ્રી દિલીપભાઇ વાઘેલા, શ્રી ડાહ્યાભાઇ પિલીયાતર, શ્રી કનુભાઇ વ્યાસ, શ્રી યશવંતભાઇ બચાણી, શ્રી ગજેન્દ્રભાઇ સકસેના તેમજ નગરપાલિકાના પ્રમુખશ્રીઓ અને સભ્યો સહિત અધિકારીઓ, અગ્રણીઓ અને નગરજનો સારી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

# સાબરકાંઠા આદિવાસી શિક્ષક એસોસિયેશન અને શ્રી આદિવાસી ડુંગરી ગરાસિયા વિકાસ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે આદિવાસી ભવન , કુંભેરા , મેઘરજ ખાતે વિશ્વ આદિવાસી દિવસ યોજાઈ ગયો.



કમલમ દૈનિક,
અરવલ્લી સાબરકાંઠા આદિવાસી શિક્ષક એસોસિયેશનના પ્રમુખ શ્રી દિલીપકુમાર નિનામાએ આદિવાસી સમુદાયમાં શિક્ષણ , સ્વાસ્થ્ય , એકતા વધારવા તેમજ આદિવાસી સમુદાયના રીત , રીવાજ , પરંપરા , સંસ્કૃતિ , બોલીને બચાવી રાખવાની વાત કરી. આ ઉપરાંત આદિવાસી સમુદાયના બાળકો દરેક ક્ષેત્રમાં આગળ વધે એના પર ભાર મુક્યો. તેમને એ પણ જણાવ્યું કે જો દુનિયાને બચાવવી હશે તો આદિવાસી સંસ્કૃતિને જીવીત રાખવી પડશે.આ ઉપરાંત આદિવાસી સમુદાયના બંધારણમાં આપેલ અધિકારો વિશે જાણકારી આપી લોકોને જાગૃત કર્યા. આ કાર્યક્રમમાં મેઘરજ આદિવાસી શિક્ષક એસોસિયેશનના તમામ કારોબારી સભ્યો હાજર રહ્યા હતા. પ્રમુખ રામજીભાઈ નિનામા , મંત્રી હરીશભાઈ ડામોર , શ્રી આદિવાસી ડુંગરી ગરાસિયા ટ્રસ્ટ , કુંભેરાના પ્રમુખ , મંત્રી તેમજ પંચના પ્રમુખ સુરેશભાઈ કટારા , જીવાભાઈ ખરાડી તેમજ અરવલ્લી સાબરકાંઠા આદિવાસી શિક્ષક એસોસિયેશન પ્રમુખ શ્રી દિલીપકુમાર નિનામા , મહામંત્રી દિનેશભાઈ અસારી અને ખજાનચી મહેન્દ્રભાઈ ગામેતી , શૈક્ષિક સંઘ મેઘરજના શ્રી ઘનજીભાઈ ખોખરીયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# રાજય જીઆઈડીસી ચેરમેન બલવંતસિંહ રાજપૂતની અધ્યક્ષતામાં સાબરકાંઠાના વિજયનગર ખાતે વિશ્ર્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી



કમલમ દૈનિક,
ગુજરાત સરકારના પાંચ વર્ષ આપણી સરકારના- ‘‘ સૌનો સાથ –સૌનો વિકાસના’’ અંતર્ગત "વિશ્વ આદિવાસી દિવસ" ઉજવણીના ભાગ રૂપે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના ચેરમેન બલવંતસિંહ રાજપૂતની અધ્યક્ષતામાં સાબરકાંઠાના વિજયનગર ખાતે યોજાયો. તેઓના વરદહસ્તે આદિજાતિ સમાજના વિવિધક્ષેત્રે પ્રગતિશીલ લોકોને સન્માનપત્ર અને વિવિધ યોજનાઓના લાભાર્થીઓને કીટ્સ/ચેક આપવામાં આવ્યા હતા. બલવંતસિંહ રાજપૂતે પોતાના ઉદબોધનમાં દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીજી ના નેતૃત્વમાં ગુજરાત સરકારના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલની સરકારના વિવિધ કાર્યોની વિગતવાર માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં સહ પ્રભારી જીલ્લા સંગઠન સાબરકાંઠા શ્રીમતી રેખાબેન ચૌધરી, તાલુકા પંચાયત પ્રમુખ દિપકભાઈ નીનામા, ટીડીઓ ખેડબ્રહ્મા આર.બી.ખરાડી, તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ મયુરભાઈ શાહ, પ્રભારી સાબરકાંઠા જીલ્લા અનુ.જનજાતિ મોરચા રણજીતસિંહ પાંડોર, તાલુકા પંચાયત ઉપપ્રમુખ શ્રીમતી બબુબેન રબારી, તાલુકા અનુ.જનજાતિ મોરચા પ્રમુખ મનજીભાઈ ભગોરા, પ્રભારી તાલુકા સંગઠન મુળજીભાઈ પટેલ, કોરોબરી સમિતિ તાલુકા પંચાયત અધ્યક્ષ કિશોરભાઈ અસારી, પૂર્વ જીલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષ નટવરસિંહ ભાટી તમેજ લાભાર્થી ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા. હતા

# ડીસા યુવા ભાજપ ટીમ દ્વારા શહેર માં આવેલ મહાનુભાવો ની પ્રતિમા સફાઈ તેમજ પુષ્પઆંજલી કાર્યક્રમ યોજાયો



રીપોર્ટ -આનંદ ઠકકર- ડીસા

કમલમ દૈનિક,
બનાસકાંઠા જિલ્લા ભાજપ ની ટિમ દ્વારા દરેક શહેર માં આવેલ મહાનુભાવો ની પ્રતિમા ને સફાઈ તેમજ પુષ્પઆંજલી ના કાર્યક્રમ ની જાણ કરાતા ડીસા શહેર ની ટિમ દ્વારા આજે સવારે ડીસા શહેર પ્રમુખ પ્રતીક પઢીયાર હકમાજી પુરોહિત રાકેશપટેલ નગરપાલિકા ના ઉપ પ્રમુખ સવિતા બેન હરિયાણી જોલીબેન પટેલ શિપલાબેન ત્રિવેદી કાંતાબેન પટેલ યુવા ભાજપ પ્રમુખ વિજય વાઘેલા કમલેશ કંસારા તેમજ વિવિધ કાર્યકરો આગેવાનો હાજર રહીને સફાઈ ઝુંબેશ કરી હતી

# રાજયોના શહેરી વિસ્તારોનો સુઆયોજીત વિકાસ થાય તે માટે સરકારની કટિબધ્ધતા- મંત્રીશ્રી જવાહરભાઈ ચાવડા

### નવસારી ખાતે પ્રવાસન, મત્સ્યોદ્યોગ મંત્રી શ્રી જવાહરભાઈ ચાવડાની ઉપસ્થિતિમાં "શહેરી જન સુખાકારી દિવસ" થકી ૭ કરોડથી વધુ રકમના વિકાસ કામોના ઇ-ખાતમુર્હુત:ઇ-લોકાર્પણ





કમલમ દૈનિક, નવસારી
રાજ્ય સરકારના સુશાસનના પાંચ વર્ષ પુર્ણ થતાં જિલ્લામાં આજે આઠમા દિવસે નવસારી શહેરમાં રામજીમંદિરના હોલ ખાતે શહેરી જનસુખાકારી દિવસનો કાર્યક્રમ પ્રવાસન, મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જવાહરભાઈ ચાવડાની અધ્યક્ષતામાં યોજાયો હતો. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલાના યશસ્વી નેતૃત્વમાં રાજ્ય સરકારના પાંચ વર્ષ પૂર્ણ થવાના નિમિત્તે નવ દિવસીય સેવાયજ્ઞના આજના શહેરી જનસુખાકારીના દિવસે નવસારીની ત્રણે નગરપાલિકાઓને નગરનાં સવાર્ગી વિકાસ માટેના રૂ. ૪.૫૦ કરોડના ચેક અર્પણ કરાયા હતા અને નગરપાલિકા વિસ્તારમાં વિવિધ વિકાસ કાર્યો માટેનાં ઇ-ખાતમુર્હૂત સંપન્ન કરવામાં આવ્યા હતા.આપ્રસંગેમંત્રીશ્રીજવાહરભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શહેરી માળખાકીય સુવિધામાં વધારો થાય તે માટે અમલમાં મુકેલ શહેરી વિકાસ યોજના આજે શહેરો માટે આશિર્વાદ બની છે.સરકાર દ્વારા વિકાસ કામોની નવ દિવસની વિકાસ આરાધના કરાઈ રહી છે. રાજયોના શહેરી વિસ્તારોનો સુઆયોજીત વિકાસ થાય તે માટે સરકાર કટિબધ્ધ છે. આ પ્રસંગે ધારાસભ્યશ્રી પિયુષભાઈ દેસાઈએ જણાવ્યું હતુ કે, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વની રાજ્ય સરકારના પાંચ વર્ષ પૂર્ણ થયા છે. છેલ્લા પાંચ વર્ષમાં આ સરકારે લોકહિતના કામો કર્યા છે જેની જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ખુબ સારી કામગીરી કરી જનસેવાને પ્રાધાન્ય આપ્યું છે. જિલ્લા કલેકટર શ્રી અમિત પ્રકાશ યાદવે જણાવ્યું હતુ કે, રાજ્યભરમાં જનકલ્યાણના અલગ અલગ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે. જન કલ્યાણ ની સમસ્યા અને પ્રશ્નોના નિરાકરણ કરવા માટે સરકાર કટીબધ્ધ છે.રાજ્યમાં શહેરો અને ગામડાઓનો સમતોલ વિકાસ થઈ રહ્યો છે. નવસારી જિલ્લામાં શહેરી જનસુખાકારી દિવસ નિમિત્તે જિલ્લાને વિકાસ કામોની ભેટ મળી હતી. નવસારી જિલ્લાની વિવિધ પાલિકાઓમાં રૂ.૭ કરોડથી વધુ રકમના ૧૭ વિકાસ કામોના ઈ-લોકાર્પણ/ ઈ-ખાતમુર્હુત મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રીની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યા હતા તેમજ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ નવસારી શહેરના વિકાસ નકશાને અંતિમ મંજુરી આપી તેની જાહેરાત કરી હતી. રામજીમંદિર હોલ ખાતે યોજાયેલ શહેરી જનસુખાકારી દિવસમાં સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ દ્વારા અ,બ,ક અને ડ વર્ગની પાલિકાઓને તેમની ક્ષમતા પ્રમાણેના ચેક મંત્રીશ્રી તેમજ મહાનુંભાવોના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી નરેશભાઈ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખશ્રી ભુરાભાઈ શાહ, પ્રદેશ મંત્રીશ્રી શીતલબેન સોની, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અર્પિત સાગર, અગ્રણીઓ શ્રી રણજીતભાઈચીમલા,શ્રીજિજ્ઞેશભાઈ નાયક, નવસારી જિલ્લાની તમામ પાલિકાઓનો પ્રમુખશ્રીઓ, અધિકારીઓ, પદાધિકારીઓ તેમજ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા

# વિશ્વ આદિવાસી દિને નર્મદા જિલ્લાના રાજપીપલા ખાતેથી આદિવાસી વિસ્તારોમાં રૂ.૧૭૦૦ કરોડના ૨૮૯ વિકાસકામોની ભેટ ધરતા મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી








- ગુજરાતમાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલની વર્તમાન સરકારના પાંચ વર્ષના જનસેવાયજ્ઞના અનુષ્ઠાનનો નવમો દિવસ આદિજાતિ વિકાસને સમર્પિત
- સમાજના દરેક વર્ગ,દરેક ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી ગુજરાતને ઉત્તમ થી સર્વોત્તમ બનાવવા માટે સર્વગ્રાહી પ્રયાસો આદર્યા છે–મુખ્ય મંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી
- મુખ્ય મંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ રાજપીપળા નજીક જીતનગર ખાતે અંદાજે રૂ.૩૪૧ કરોડના ખર્ચે નિર્માણ થનાર બિરસા મુંડા ટ્રાઇબલ યુનિવર્સિટીનું કર્યું ખાતમુહૂર્ત
- મુખ્ય મંત્રીશ્રીએ આદિવાસી વિસ્તારોમાં રૂ. ૪૮૦ કરોડના ખર્ચે નિર્માણ થયેલ ૧૯૯ વિકાસ કામોનું લોકાર્પણ તથા રૂ.૧૨૨૨ કરોડના ૯૦ કામોના ખાતમુહૂર્ત સંપન્ન કર્યા
- વ્યક્તિગત યોજનાઓ હેઠળ ૨૩ હજારથી વધુ લાભાર્થીઓને રૂ. ૮૫ કરોડ થતા આદિજાતિના અંદાજિત પાંચ લાખ વિદ્યાર્થીઓને પ્રિ–મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ રૂ. ૮૦ કરોડના લાભોનું વિતરણ

કમલમ દૈનિક, રાજપીપલા,

મુખ્યમંત્રી શ્રી વિજય ભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નિતીનભાઈ પટેલના નેતૃત્વની રાજય સરકારના સુશાસનના સફળ પાંચ વર્ષ પૂર્ણ થવા અવસરે આદરવામાં આવેલા જનસેવા યજ્ઞ અનુષ્ઠાનનો નવમો દિવસ અંબાજીથી ઉમરગામ સુધીના પૂર્વ પટ્ટીના આદિવાસીઓના સર્વાંગીણ વિકાસને સમર્પિત કરવામાં આવ્યો છે. મુખ્યંત્રીશ્રીએ આજે નર્મદા જિલ્લાના રાજપીપલાથી વિશ્વ આદિવાસી દિવસના અવસરે રાજયના ૫૩ આદિજાતિ તાલુકાઓમાં રૂ.૧૭૦૦ કરોડના ૨૮૯ વિકાસકામોનો પ્રારંભ,લોકાર્પણ અને ખાત મુહર્ત કરાવ્યા હતા. મુખ્ય મંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ આ પ્રસંગે જણાવ્યું કે છેલ્લા પાંચ વર્ષમાં અમારી સરકારે સમાજના દરેક વર્ગ,દરેક ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી ગુજરાતને ઉત્તમ થી સર્વોત્તમ બનાવવા માટે સર્વગ્રાહી પ્રયાસો આદર્યા છે.તેમણે ઉમેર્યું કે ગુજરાતના તત્કાલીન મુખ્ય મંત્રીશ્રી અને હાલના દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના વિકાસનો પાયો મજબૂત કરી દેશમાં વિકાસની રાજનીતિની શરૂઆત કરાવી છે.તેમણે કહ્યું કે અમારી સરકારે આદિવાસી બાંધવોને ખોટા વાયદા વચનો નહી, પરંતુ વનબંધુ કલ્યાણ જેવી મહત્વાકાંક્ષી યોજનાના નક્કર અમલીકરણ દ્વારા આદિવાસીઓને મુખ્ય પ્રવાહમાં જોડી આદિવાસી વિસ્તારોનો સમતુલિત અને સમુચિત વિકાસ કર્યો છે. શ્રી વિજય ભાઈ રૂપાણીએ જણાવ્યું કે, વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ગુજરાતમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે રૂ.૯૦ હજાર કરોડના વિકાસકામો શરૂ કરાવ્યા હતા. છેલ્લા પાંચ વર્ષમાં રાજયના આદિજાતિ વિસ્તારોમાં રૂ.૬૦ હજાર કરોડના વિકાસ કામો કરવામાં આવ્યા છે. તેમ જણાવતા તેમણે ઉમેર્યુ કે, વનબંધુ કલ્યાણ યોજના ફેઝ-૨ માં આગામી પાંચ વર્ષમાં રાજયના આદિવાસી વિસ્તારોમાં રૂ.એક લાખ કરોડના વિકાસ કામો હાથ ધરવામાં આવશે. મુખ્ય મંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ રાજપીપલા નજીક જીતનગર ખાતે અંદાજે રૂ.૩૪૧ કરોડના ખર્ચે ૩૯ એકર વિસ્તારમાં નિર્માણ થનાર બિરસા મુંડા ટ્રાઇબલ યુનિવર્સિટીનુ ખાતમુહૂર્ત કરવા સાથે રૂ. ૪૮૦ કરોડના ખર્ચે નિર્માણ થયેલ ૧૯૯ વિકાસ કામોનું લોકાર્પણ તથા રૂ.૧૨૨૨ કરોડના ૯૦ કામોના ખાતમુહૂર્ત સંપન્ન કર્યા હતા. મુખ્ય મંત્રીશ્રીએ હળપતિ તથા વ્યક્તિગત આવાસ યોજના, ધિરાણ યોજના , માનવ ગરિમા યોજના, વન ધન વિકાસ યોજના , કૃષિ કિટ વિતરણ યોજના,વન અધિકાર અધિનિયમ તથા સિકલસેલ અને ટી.બી.ના દર્દીઓને તબીબી સહાય યોજના મળીને કુલ ૨૩,૦૦૦ થી પણ વધુ લાભાર્થીઓને રૂ. ૮૫ કરોડ થતા આદિજાતિના અંદાજિત પાંચ લાખ વિદ્યાર્થીઓને પ્રિ - મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ રૂ .૮૦ કરોડના લાભોનું વિતરણ કર્યું હતું. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વની પારદર્શક, નિર્ણાયક, સંવેદનશીલ અને પ્રગતિશીલ સરકારના પાંચ વર્ષની પૂર્ણતા પ્રસંગે નવમી ઓગસ્ટ - વિશ્વ આદિવાસી દિવસે મુખ્યમંત્રીશ્રીએ આદિજાતિઓના વિકાસલક્ષી વિવિધ યોજનાઓનો બહુધા આદિવાસી ક્ષેત્ર એવા રાજપીપલાથી પ્રારંભ કરાવ્યો હતો. મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે વન અધિકાર અધિનિયમ હેઠળ આદિવાસીઓને જંગલની જમીન આપવાના ૧૪ હજાર દાવાઓ મંજૂર કરી ૪૬ હજાર હેકટર જમીનના હક્કો આદિવાસીઓને આપ્યા છે. આદિવાસી યુવાનો ડોકટર બને તે માટે રાજયના આદિવાસી વિસ્તારોમાં પાંચ મેડિકલ કોલેજ શરૂ કરવાની મંજૂરી પણ આપવામાં આવી છે. રાજય સરકારે આદિવાસી વિસ્તારોમાં કરેલ આદિવાસી કલ્યાણના વિવિધ વિકાસ કામોની મુખ્ય મંત્રીશ્રીએ વિસ્તૃત રૂપરેખા આપી હતી. વિશ્વ આદિવાસી દિવસે આદિવાસી બાંધવોને શુભ કામનાઓ પાઠવતાં મુખ્ય મંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે વન અને ગીરિકંદરાઓમાં વસતા આદિવાસીઓનું દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પણ અનોખું યોગદાન રહ્યું છે.સ્વાતંત્ર્ય સંગ્રામમાં આદિજાતિના અનેક સપૂતોની ત્યાગ, સમર્પણ અને બલિદાનની યશ ગાથાઓ આજે આપણને પ્રેરણા આપે છે. ગુજરાતના આદિવાસીઓએ દેશની આઝાદી માટે ક્યારેય પાછી પાની કરી નથી એમ જણાવતાં મુખ્ય મંત્રીશ્રી ઉમેર્યું કે સોમનાથ મંદિરની રક્ષા હોય કે પછી ૧૮૫૭ નો સ્વાતંત્ર્ય સંગ્રામ હોય.ગુજરાતના જંબુઘોડાના વીર નાયકાઓએ અંગ્રેજો સામે ૪૦ વર્ષ સુધી લડી અંગ્રેજોના દાંત ખાટા કર્યા હતા. માનગઢમાં ગોવિંદ ગુરુની આગેવાની હેઠળ અંગ્રેજો સામે લડતા જલિયાવાલા બાગ કરતાં પણ વધુ ૧૫૦૦ જેટલા આદિવાસીઓએ માતૃભૂમિ અને દેશની આઝાદી માટે પોતાના પ્રાણોની આહુતિ આપી હતી તેનું મુખ્ય મંત્રીશ્રીએ સ્મરણ કર્યું હતું. આદિવાસીઓના જન નાયક બિરસા મુંડાએ આદિવાસીઓને દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જોડીને દેશની આઝાદી માટે સંઘર્ષ કર્યો હતો.તેમના નામ સાથે ગુજરાતમાં ટ્રાઈબલ યુનિવર્સિટી શરૂ થઈ છે જે આદિવાસી યુવાનોની કારકિર્દી ઘડવામાં આશીર્વાદરૂપ નીવડશે એવો વિશ્વાસ મુખ્ય મંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. આદિજાતિ વિકાસ મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાએ રાજયના અંબાજીથી ઉમરગામ સુધીની પૂર્વ પટ્ટીના ૧૪ જિલ્લાના ૫૩ તાલુકામાં વસવાટ કરતા ૯૦ લાખ આદિવાસીઓને વિશ્વ આદિવાસી દિવસની શુભ કામનો પાઠવતાં જણાવ્યું કે આદિવાસી સમાજ માટે આજનો દિવસ ઐતિહાસિક અને યાદગાર બની રહેવાનો છે.આદિવાસી સમાજના વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે રાજપીપળામાં ૩૯ એકર વિસ્તારમાં આદિવાસીઓના જનનાયક બિરસા મુંડાના નામે ટ્રાઈબલ યુનિવર્સિટીનું ભૂમિપૂજન થયું છે.જેને પરિણામે આદિવાસી યુવાનોને ઘર આંગણે ઉચ્ચ શિક્ષણની તકો પ્રાપ્ત થશે. શ્રી વસાવાએ જણાવ્યું કે, વનબંધુ કલ્યાણ યોજના હેઠળ રાજયમાં આદિવાસીઓના સામાજિક,આર્થિક અને શૈક્ષણિક વિકાસ માટે એક લાખ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.વનબંધુ કલ્યાણ યોજનાના બીજા તબક્કામાં રૂ. એક લાખ કરોડની બજેટમાંજોગવાઈ કરવામાં આવી હોવાનું તેમણે ઉમેર્યું હતું.આદિવાસી વિસ્તારોમાં સિંચાઈ ક્ષેત્રે હાથ ધરાયેલા કામોની તેમણે વિસ્તૃત માહિતી આપી હતી.ભરૂચના સાંસદ શ્રી મનસુખભાઈ વસાવા આજે હરખનો દિવસ છે એવી લાગણી વ્યકત કરતા જણાવ્યું કે આદિવાસીઓને ઉત્તમ અને ગુણવકતા યુક્ત શિક્ષણ મળે તે માટે રાજપીપળામાં ૩૦૦૦ હજાર જેટલા આદિવાસી યુવાનો માટે બિરસા મુંડા ટ્રાઈબલ યુનિવર્સિટીનું ખાતમુહૂર્ત થઈ રહ્યું છે.પ્રવર્તમાન સરકારે આદિવાસીઓને મુખ્ય ધારામાં જોડવાનું કાર્ય કર્યુ છે.વિશ્વ આદિવાસી દિને કેન્દ્ર રાજય સરકારની આદિવાસી વિભાગની યોજનાઓ આદિવાસીઓ સુધી પહોંચે તે માટે સૌને સંકલ્પ બધ્ધ થવા જણાવ્યું હતું. છોટાઉદેપુરના સાંસદ શ્રીમતી ગીતાબેન રાઠવા એ જણાવ્યું કે, આજનો દિવસ આદિવાસીઓનું રક્ષણ અને અધિકારો સુનિશ્ચિત કરવાનો દિવસ છે.વિશ્વના ૧૯૫ દેશોમાંથી ૯૦ દેશોમાં પાંચ હજાર આદિવાસી સમુદાયની વસ્તી છે.અને એક હજાર ભાષાઓ બોલાય છે.દેશમાં કુલ વસ્તીના ૮.૬ ટકા એટલે કે ૧૦ કરોડ આદિવાસીઓ વસવાટ કરે છે.પ્રારંભમાં આદિજાતિ વિકાસ વિભાગના કમિશનર શ્રી દિલીપ રાણાએ સૌનો આવકાર કર્યો હતો. અંતમાં જિલ્લા કલેકટરશ્રી ડી.એ.શાહે આભારવિધિ કરી હતી. આ પ્રસંગે મુખ્ય સચિવ શ્રી અનિલ મૂકીમ, મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવ શ્રી કે. કૈલાસનાથન, પૂર્વ મંત્રી શ્રી શબ્દશરણ તડવી, પૂર્વ સંસદીય સચિવ શ્રી હર્ષદભાઈ વસાવા, ઘનશ્યામભાઈ પટેલ, પદાધિકારીઓ, આદિજાતિ વિભાગના સચિવ ડો.એસ. મુરલીક્રિષ્ના, જળ સંપતિ વિભાગના સચિવશ્રી જાદવ, બિરસા મુંડા ટ્રાઈબલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. મધુકર પાડવી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી પી. ડી. પલસાણા, હજીઁ શ્રી હિમકરસિંહ, પ્રાયોજના વહિવટદારશ્રી બી.કે.પટેલ સહિત લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

- અમારી સરકારે આદિવાસી બાંધવોને ખોટા વાયદા વચનો નહી, પરંતુ વનબંધુ કલ્યાણ જેવી મહત્વાકાંક્ષી યોજના આપી છે.
- આદિવાસીઓને મુખ્ય પ્રવાહમાં જોડી આદિવાસી વિસ્તારોનો સમતુલિત અને સમુચિત વિકાસ કર્યો છે.
- છેલ્લા પાંચ વર્ષમાં રાજયના આદિજાતિ વિસ્તારોમાં રૂ.૬૦ હજાર કરોડના વિકાસ કામો કરવામાં આવ્યા છે
- વનબંધુ કલ્યાણ યોજના ફેઝ –૨ માં આગામી પાંચ વર્ષમાં રાજયના આદિવાસી વિસ્તારોમાં રૂ.એક લાખ કરોડના વિકાસ કામો હાથ ધરવામાં આવશે.
- વન અધિકાર અધિનિયમ હેઠળ આદિવાસીઓને જંગલની જમીન આપવાના ૧૪ હજાર દાવાઓ મંજૂર કરી ૪૬ હજાર હેક્ટર જમીનના હક્કો આદિવાસીઓને આપ્યા છે

## મેઘરજ પી.સી.એન.હાઈસ્કૂલ ખાતે સહકાર મંત્રીશ્રીની ઉપસ્થિતિમાં “વિશ્વ આદિવાસી દિવસ” કાર્યક્રમ યોજાયો

### આદિવાસી સમાજ આર્થિક રીતે મજબુત અને આત્મનિર્ભર બને તેવી રાજ્ય સરકારે કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી છે–સહકાર મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ

કમલમ દૈનિક, અરવલ્લી

૯મી ઓગસ્ટ એટલકે “વિશ્વ આદિવાસી દિવસ” વિશ્વમાં આ દિવસની ઉજવણીઓ થઈ રહી છે. જેના સંદર્ભે રાજ્ય સરકારના સુશાસનના યશસ્વી પાંચ વર્ષ પૂર્ણાહુતિ નિમિત્તો “વિશ્વ આદિવાસી દિવસ” અંતર્ગત વનબંધુ યોજના અંતર્ગત આદિજાતી વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારે રૂ.૬૦,૦૦૦ કરોડ ખર્ચ્યા છે. જેમાં ૯મી ઓગસ્ટના રોજ રાજપીપળા ખાતેથી મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદ હસ્તે અને મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાની ઉપસ્થિતિમાં ૫૩ તાલુકાઓમાં કાર્યક્રમ યોજાયો. જેમાં રૂ.૩૪૧ કરોડના ખર્ચે રાજપીપળા ખાતે ૩૯ એકરમાં બિરસા મુંડા ટ્રાઈબલ યુનિવર્સીટીનું ખાતમુહર્ત કરાયું. જે અંતર્ગત અરવલ્લી જીલ્લાના મેઘરજની પી.સી.એન.હાઈસ્કૂલ ખાતે સહકાર, રમત-ગમત યુવા તથા સાંસ્કૃતિક પ્રવૃતિઓ અને વાહન વ્યવહારના રાજ્ય કક્ષાના મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલની ઉપસ્થિતિમાં “વિશ્વ આદિવાસી દિવસ”કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે સહકાર મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું કે, આજે ૯મી ઓગસ્ટ નિમિત્તે દુનિયામાં “વિશ્વ આદિવાસી દિવસ”ની ઉજવણીઓ થઈ રહી છે. જે અંતર્ગત આ દિન નિમિત્તો ગુજરાતમાં પણ ૫૩ તાલુકાઓમાં કાર્યક્રમો યોજાયા છે. આદિવાસી સમાજ એ સદીઓથી ગિરિમાળાઓમાં વસવાટ કરતો સમુદાય છે. આદિવાસી સમાજ પ્રકૃતિનો મોભી છે. આ સમાજ એ સાંસ્કૃતિક વારસાને જાળવવાનું કામ કર્યું છે. ૫૩ તાલુકાઓમાં આદિવાસી સમુદાય બહુમતી ધરાવે છે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તથા વડાપ્રધાનશ્રી નરેન્દ્રમોદીએ “વનબંધુ કલ્યાણ યોજના” થકી રૂ.૧૭,૦૦૦ કરોડનો ખર્ચ આ યોજના પાછળ



મેઘરજ તાલુકાના લાભાર્થીઓને વિવધ યોજનાના સહાયના ચેક વિતરણ કરાયા

કરાયો છે. સરકારે સિંચાઈનું પાણી આદિવાસી સમાજના છેવાડા માનવીને મળે તેવી વ્યવસ્થા કરી છે. આજદિન સુધી સુધી રાજ્ય સરકારે છેલ્લા પાંચ વર્ષમાં ૧.૦૨ હજાર કરોડ આદિવાસી સમાજ માટે ખર્ચ કરવામાં આવ્યો છે. આદિવાસી સમાજ આર્થિક રીતે મજબુત અને આત્મનિર્ભર બને તે સારું થઈને વિવિધ યોજનાઓના લાભ રાજ્ય તથા કેન્દ્ર સરકારે અર્પણ કર્યા છે. આજના આદિજાતિના વિદ્યાર્થીઓ શિક્ષણ ક્ષેત્રે ખૂબ જ સક્ષમ બની રાજયો છે. કોઈ ડોક્ટર,એન્જીનીયર, પાયલોટ, વનવિભાગ, પોલીસ વિભાગ,IAS,IPS જેવા વિભાગોમાં ફરજ બજાવી રહ્યા છે. અરવલ્લીમાં આદિજાતિના બાળકોને શિક્ષણ પૂરું પાડવા ધોરણ ૬ થી ૧૨ ગુજરાત સ્ટેટ ટ્રાઈબલ એજ્યુકેશન સોસયટી દ્વારા એક વિદ્યાર્થી દીઠ રૂ.૧,૦૯,૦૦૦ ની ગ્રાન્ટનો ખર્ચ કરવામાં આવેલ છે. તેમણે વધુમાં જણાવ્યું કે, રાજ્ય સરકારે અરવલ્લી જીલ્લાના બોર્ડર પરના આવેલા ૩૧ ગામોમાં આદિજાતિ લોકોના વિકાસ માટે છેલ્લા પાંચ વર્ષમાં રૂ.૧૩૨૦ લાખનું બજેટ ફાળવેલ છે.જેમાં રસ્તા,શિક્ષણ, આજીવિકા વીજળી,પાણીને લગતા વિવધ કામો પૂર્ણ કરવામાં આવેલ છે. મદદનીશ કમિશ્નર આદિજાતિ વિકાસ અરવલ્લી દ્વારા આદિજાતિના પ્રજાના સર્વાંગી વિકાસ માટે શૈક્ષણિક,સામાજિક આર્થિક ઉત્કર્ષની વિવિધ યોજનાઓ હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં શિષ્ય વૃતિ યોજના હેઠળ ૧,૬૧,૦૪૮ વિદ્યાર્થીઓને રૂ. ૧૬૩૭.૧૬ લાખ, મફત તબીબી સહાય યોજના હેઠળ ગંભીર બીમારીના ૧૧૧૩ લાભાર્થીઓને રૂ.૩૭.૭૫ લાખ, કુંવરબાઈ મામેરા, સમૂહ લગ્ન હેઠળ ૬૧૮ લાભાર્થીઓને રૂ. ૬૨.૪૯ લાખ, માનવ ગરીમા યોજના હેઠળ ૧૨૭૬ લાભાર્થીઓ ને રૂ.૩૨.૯૨ લાખ, મકાન સહાય યોજના હેઠળ ૧૨૦૧ લાભાર્થીઓને રૂ.૪૯૬.૩ લાખની ફાળવણી કરવામાં આવી છે.આ પ્રસંગે જીલ્લા અગ્રણીશ્રી રાજેન્દ્રભાઈ પટેલ, જીલ્લા પંચાયત ઉપપ્રમુખ કનુભાઈ મનાત તથા શ્રી પી.સી.બરંડાએપ્રાસંગિકઉદ્દભોદનો આપ્યા હતા. આ પ્રસંગે જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીના, તાલુકાપંચાયતપ્રમુખશ્રીમેઘરજ,મોડાસા પ્રાંત અધિકારીશ્રી મયંક પટેલ, બળવંતસિંહ, મામલતદારશ્રી મેઘરજ, આદિજાતી વિકાસ કમિશ્નરશ્રી, અધિકારીશ્રીઓ તથા લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ભિલોડા શામળાજીના એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ ખાતે વિધાનસભા દંડ્કશ્રીની ઉપસ્થિતિમાં “વિશ્વ આદિવાસી દિન” કાર્યક્રમ યોજાયો

### આદિજાતી સમુદાયને પાયાની સુવિધાઓ પુરી પાડવા માટે રાજય સરકાર કટીબદ્ધ છે– દંડ્કશ્રી પંકજભાઈ દેસાઈ




ભિલોડાના આદિજાતી સમાજને પ્રોત્સાહન આપવા આધુનિક સુવિધાવાળી હાટ બજાર સંકુલ રૂ.૨૦૦ લાખના ખર્ચે તૈયાર થશે

કમલમ દૈનિક, અરવલ્લી

રાજય સરકારના સુશાસનના યશસ્વી પાંચ વર્ષ પૂર્ણાહુતિ નિમિત્તો “વિશ્વ આદિવાસી દિવસ” અંતર્ગત ૯મી ઓગસ્ટના રોજ રાજપીપળા ખાતેથી મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદ હસ્તે ૫૩ તાલુકાઓમાં કાર્યક્રમ યોજાયો. જેમાં રૂ.૩૪૧ કરોડના ખર્ચે રાજપીપળા ખાતે ૩૯ એકરમાં બિરસા મુંડા ટ્રાઈબલ યુનિવર્સીટીનું ખાતમુહર્ત કરાયું. જે અંતર્ગત અરવલ્લી ભિલોડાના તાલુકાના શામળાજીના એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ ખાતે વિધાનસભા દંડ્કશ્રી પંકજભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં “વિશ્વ આદિવાસી દિન” કાર્યક્રમ યોજાયો. જેમાં ભિલોડા તાલુકાના લાભાર્થીઓને વિવિધ યોજનાઓ થકી સહાયના ચેક અર્પણ કરાયા. આ પ્રસંગે વિધાનસભા દંડ્કશ્રી પંકજભાઈ દેસાઈએ જણાવ્યું કે, આદિજાતી સમુદાયને પાયાની સુવિધાઓ પુરસી પાડવા રાજ્ય સરકાર હમેશા કટીબદ્ધ રહી છે. રાજ્ય સરકારે પાંચ વર્ષના સમયગાળા દરમિયાન આદિજાતિના લોકોના વિકાસ માટે અનેક યોજનાઓ અમલમાં મુકીને આદિજાતિ સમાજને આગળ વધારવાના પ્રયાસ આદર્યા છે. જેમાં અરવલ્લીના છેવાડાના માનવીને આવાસ,પાણી,વીજળી,શિક્ષણ,કૃષિ સહિતની પાયાની જરૂરીયાત પુરી પાડવામાં અગ્રતા આપવામાં આવી રહી છે. આજે રાજ્ય સરકારના પાંચમાં વર્ષના ૧ થી ૯ દિવસના કાર્યક્રમોનો છેલ્લો દિવસ છે.અને એ દિવસ એટલે કે “વિશ્વ આદિવાસી દિવસ”. આ દિવસ નિમિત્તો રાજ્ય સરકાર દ્વારા અંદાજીત રૂ.૧૨૨૨ કરોડના ખર્ચે ૭૦ કામોના ખાતમુહર્ત તથા અંદાજીત રૂ.૪૮૭ કરોડના ખર્ચે ૧૯૯ કામોના લોકાર્પણ તથા ૫ લાખ આદિજાતિના વિદ્યાર્થીઓને પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ રૂ.૮૦ કરોડના લાભો અપાયા છે. તેમણે વધુમાં જણાવ્યું કે, સરકાર દ્વારા ભિલોડાના આદિવાસી વિસ્તારના આદિજાતિ લોકોને આર્થિક, સામાજિક અને વ્યવસાયિક પ્રવૃતિઓને પ્રોત્સાહન આપવા ભિલોડા ખાતે આધુનિક સુવિધાવાળી હાટ બજાર સંકુલ ૧૦,૦૦૦ ચો.મી. જમીનમાં રૂ.૨૦૦ લાખના ખર્ચે તૈયાર થશે. ભિલોડાના ધોલવાણી ખાતે કલ્ચરલ કોમ્યુનીટી હોલ માટે ૨૫૦૦ ચો.મી. જમીન ફાળવણી કરાઈ જેનું બાંધકામ ટૂંક સમયમાં શરૂ કરાશે. ભિલોડાના કુંડોલ(પાલ) તથા બોરનાળા ખાતે મોબાઈલ કનેક્ટીવીટી પુરતી મળી રહે તે માટે બંને ગામોમાં આશરે રૂ.૨ કરોડના ખર્ચે એક-એક ટાવરની મંજૂરી આપવામાં આવી તથા ટાવર ઉભા કરવાની પ્રક્રિયા ટૂંક સમયમાં શરુ કરાશે. વર્ષ ૨૦૨૧ દરમિયાન વન વિકાસ નિગમ દ્વારા ભિલોડા તાલુકાના સંચયકારો દ્વારા ટીમરૂપાન સંચય કરીને રોજગારી આપી. અરવલ્લી જીલ્લાના આદિજાતી તાલુકાઓમાં રૂ.૩૭ લાખના કામોનું ભૂમિપૂજન કરી મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આજે ખાતમુહુર્ત કરાયું. તેમજ રૂ.૩૧૬ લાખના ખર્ચે પૂર્ણ થયેલ પ્રજાને ઉપયોગલક્ષી કામોનું લોકાર્પણ કરાયું. આ પ્રસંગે ભિલોડા ધારાસભ્યશ્રી અનિલ જોષીયારા, જીલ્લા પંચાયત પ્રમુખ લાલસિંહ ચૌહાણ, જીલ્લા વિકાસ અધિકારીશ્રી શ્વેતા તેવટિયા, જીલ્લા પ્રાયોજના વહીવટદારશ્રી એસ.પી.મુનિયા, જીલ્લા સંગઠન પ્રભારીમંત્રી શ્રીમતી જયશ્રીબેન, તાલુકા સંગઠન મંત્રીશ્રી કાન્તિભાઈ, ભિલોડા તાલુકા પ્રમુખશ્રી તથા અધિકારીશ્રીઓ અને લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028